સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

લીધો લાભ સંબંધોનો 'લલિત' કટોકટી છે,
સત્તા પર ટકવાની, લલિત કટોકટી છે,
લલિત કટોકટી ડગમગાવશે આસન -
'કાઢવાં' કે 'રાખવાં'! ની લલિત કટોકટી છે..

હાઈકુ

કરે અમલ
ગુજરાત મોડેલ -
'કટોકટી'નું..
(મર્યાદિત હાથોમાં સત્તા)

કહી ના શકે -
કરી ના શકે કોઇ -
સામે, ચૂં કે ચાં..
(રાંક લોકશાહી)

ચિંતન

યુદ્ધં ચ પ્રાતરુત્થાનં ભોજન સહ બંધુભિઃ । સ્ત્રી ચ માપદ્ગતાં રક્ષેચ્ચતુઃ શિક્ષેત કુક્કુટાત્ ।

'લડવામાં હોંશિયાર, સવારે વહેલો ઉઠનારો, કુટુંબીજનો સાથે જ ભોજન કરવું, અને આપત્તિ આવી પડે ત્યારે સ્ત્રી-પત્નીનું રક્ષણ કરનાર આ ચાર ગુણ કૂકડા પાસેથી શીખવા જેવા છે.'

પશુપંખીઓ મૂક છે - સંસાર વ્યવહારથી લિપ્ત છે છતાં માણસ કરતાં પણ વધારે સારા સદ્ગુણ ધરાવે છે. માણસમાં - દરેક વ્યક્તિમાં સદ્ગુણ હોય જ એ નિશ્ચિત નથી હોતું જ્યારે પશુ-પંખીમાં તો દરેકનાં સદ્ગુણ એ આખી જાતિમાં હોય જ એ પણ નિશ્ચિત જ હોય છે.

અહીં કુકડાનું દૃષ્ટાંત છે.

કુકડો નિયમિત રીતે સવારે વહેલો જ ઉઠે છે આજે ઉજાગરો-રવિવાર-વેકેશન એને બાધક બનતું નથી પોતે જાગે અને સૂતેલાને જગાડે 'પરોઢ થયું છે' ની બાંગ પોકારે છે.

તે કદાપિ એકલો - છાનેછપને નાસ્તો-પાણી કરતો નથી પોતાના સ્નેહી-સંબંધીને બોલાવી સાથે જ ખાય છે.

પોતાની પ્રિય-પત્નીનું મરણાંત યુદ્ધ કરીને પણ રક્ષણ કરે છે.

આ ત્રણ એનાં 'સદ્ગુણ' છે.

સુવિચાર

- જો તમે તમારા પાસે રહેલી કિમતી પળોનો સદુપયોગ કરવો હોય તો 'સ્વ' નો નિગ્રહ કરતાં શીખો... એટલે કે મનને વિષયોમાં જતું અટકાવો - સંત ફ્રાન્સીસ
- જ્યારે તમે સકારાત્મક વિચારો છો ત્યારે ત્યારે તમે એક અનોખી ઉર્જા તમે બ્રહ્માંડમાં સર્જો છો જે તમને વખત પડે પુનઃ પ્રાપ્ત થાય છે - શિવ ખેરા
- વગર મને કરેલો ત્યાગ નિષ્ફળ જવાનો ભય રહે છે.. ભોગવિલાસમાં રહીને ત્યાગી બનવું એ જ સાચી તપસ્યા છે - એસ. ભટ્ટાચાર્ય
- જેમ મજબૂત પાયા વિનાની ઇમારત લાંબો સમય ટકી શકતી નથી, તેમ સમ્યક્ શ્રદ્ધા વગરનું આચરણ પણ લાંબુ ટકતું નથી - અમૃત બિંદુ
- 'સઘળું સ્વીકારો' કંઇ જ બદલવાનો પ્રયાસ ન કરો.. પછી જ તમે 'સ્વ' માં સ્થિર થાઓ છો અને પછી ને સંકલ્પ કરશો તે પરિપૂર્ણ થશે જ - અખંડ આનંદ
- જીંદગીમાં હંમેશા એટલું યાદ રાખો કે મનનાં દોષ ને કાયામાં પ્રગટ ન થવા દો, કાયા ના રોગની મનમાં નોંધ પણ ન રાખો - સ્નેહલ ભટ્ટ
- દેવળ જેટલું નજીક એટલા દેવ દૂર - ફ્રાન્સીસ ઝેવિયર્સ

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

ઘર, પરિવાર, સમાજમાં કજીયા-કંકાસ થાય ત્યારે આપણને સામેની વ્યક્તિઓ જ દોષ દેખાય છે, ખરેખર તો આમાં પચાસ ટકા આપણો પણ વાંક-દોષ હોય છે જે આપણે દેખાતો નથી.

એક ગામના પાદરમાંથી એક ખેડૂત ઘરવખરીનું ગાડું લઇ પસાર થતો. પાદરે વડ નીચે બે વડીલ બેઠા હતા. એને પૂછ્યું દાદા, આ ગામ કેવું છે? મારે સ્થાયી રોકાવાનો ઇરાદો છે..

વૃદ્ધ કહે તમે ક્યાંથી આવો છો? એ ગામના લોકો કેવા હતા? ખેડૂત કહે, 'ઝગડાખોર અને ઇર્ષાળુ.'

વૃદ્ધ કહે - ભાઇ, અહીં પણ એવા જ લોકો રહે છે.

થોડા દિવસ પછી ફરી એવી જ ઘટના બની એક નિવૃત્ત શિક્ષક સ્થાયી થવા માટે ઘરવખરી લઇ આવ્યો હતો. એને વડીલને પૂછ્યું, દાદા, અહીંના લોકોનો સ્વભાવ કેવો છે? મારે સ્થાયી થવાનો વિચાર છે.

વડીલ કહે - તમે ક્યાંથી આવો છો? ત્યાંના લોકો કેવા હતા?

શિક્ષકની આંખે ઝળઝળીયાં આવ્યા ત્યાંના લોકો તો ખૂબ પ્રેમાળ અને લાગણીવાળા હતાં!

વડીલ કહે - આ ગામ પણ એવું જ છે.

બાજુમાં બેઠા હતા એ વડીલે પૂછ્યું તમે એકને જુદો જ અભિપ્રાય આપ્યો અને આને આમ શા માટે કહ્યું?

વડીલ કહે - દૃષ્ટિ તેવી સૃષ્ટિ - જો તમે અને તમારો સ્વભાવ સારો હોય તો દુનિયા આખી સારી જ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

આપણો ખોરાક, રહેણીકરણી અને વાતાવરણ આપની ઉંમર નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે

તંદુરસ્ત સમાજ

- રાજેશ એસ. પટેલ

ગયા અંકોમાં આપણે રોગ મુક્ત રહેવાની વિવિધ પેથીઓથી લઇ પ્રાણીઓના બચ્ચા અને દૂધ, કુદરતની પ્રાણીઓ અને વનસ્પતિ જગતને જોડતી અજાયબી વિગેરે વિષે વાતો કરી.

ગયા અંકમાં આપને જોયું કે વનસ્પતિ પ્રાણીઓ માટે પ્રાણ વાયુ બનાવે છે અને પ્રાણીઓ વનસ્પતિ માટે અંગાર વાયુ બનાવે છે. અને બંને જીવ અરસ પરસ એક બીજાને જીવન જીવવામાં મદદ કરે છે. વનસ્પતિમાં રહેલું ક્લોરોફીલ અને પ્રાણીઓમાં રહેલા હિમોગ્લોબીન વિષે પણ જોયું.

આજે આપને કુદરતે વનસ્પતિ અને પ્રાણીઓ માટે ગોઠવેલી અદભૂત બીજી વધુ અજાયબીઓ વિષે વધુ વાતો કરીશું.

ભગવાને આ સૃષ્ટી ઉપર જીવતા દરેક જીવ માત્ર માટે જીવન જીવવા માટે જરૂરી દરેક વ્યવસ્થા કરી રાખી છે. અને તે વ્યવસ્થાના ભાગ રૂપે દરેક જીવ તેનું પૂરું જીવન પૂરું કરે છે.

દરેક જીવ માટે તેનું આયુષ્ય તેના જન્મ સમયે કુદરતે તેના જીન્સમાં પ્રોગ્રામ કરેલું હોય છે અને દરેક જીવ પછી તે સુક્ષ્મતમ બેક્ટેરિયાથી લઇ જમીન પર રહેતા હાથી જેવા અને પાણીમાં રહેતી વ્હેલ જેવા મહાકાય જીવ હોય. દરેક જીવ તેના નક્કી કરેલા આયુષ્ય સાથે પૂરું કરે છે. સિવાય કે માંસાહારી પ્રાણી દ્વારા તેનો શિકાર કરવામાં ન આવે.

પરંતુ મોટા ભાગે આજના માનવીના જીવનમાં આ બનતું નથી. મોટા ભાગના માનવી તેનું કુદરતે આપેલું જીવન પૂરું કરી શકતો નથી. કુદરતે આપેલું પ્રોગ્રામ કરેલું જીવન પૂરું કરી શકવા માનવી અસમર્થ બનતો જાય છે.

બહુ ઓછા માનવીઓ તેમના ભાગ્યમાં જીવન પૂરું કરી શકે છે અને કુદરતી મૃત્યુને પામે છે.

એવું કહેવાય છે કે સતયુગમાં હજારો વર્ષનું આયુષ્ય માનવીઓ ભોગવી શકતા હતા અને આજે કળીયુગમાં માનવી તેના આયુષ્યને લઈને ટૂંકા જીવન વાળો બનતો જાય છે.

આટઆટલી શરીર શા સ્ત્ર માટેની પદ્ધતિઓ, હોસ્પિટલો, ડોકટરો, વૈધો, દવાઓ, સંશોધનો, આધુનિક સગવડો વગેરે હોવા છતાં માનવીની લાઈફ ટૂંકી થતી જાય છે. માનવી તેનું કુદરતી આયુષ્ય પણ ભોગવી શકતો નથી. આવું કેમ?

બીજા પ્રાણીઓ તેમની કુદરતી ઉંમર પૂરી કરી મૃત્યુ પામે અને મોટાભાગના માનવી કુદરતી ઉંમર પહેલા જ મૃત્યુ પામે.

પહેલા તો એ સમજીએ કે કુદરતી મૃત્યુ શું છે. આપની ઉંમર કોણ નક્કી કરે છે. શું ભગવાન નક્કી કરે છે?

દરેક પ્રાણીના જીવનની ઉંમરની મુદત નક્કી કરવા માટે ઉક્રાંતિ વાદ સાચો હોય તેવું લાગે છે. પ્રાણીઓના એક પછી એક પેઢી દર પેઢી તેમની રહેણી કરણી ખોરાક અને વાતાવરણ તેમની ઉંમર નક્કી કરવામાં મહત્વનો રોલ ભજવે છે. અને લાંબી પેઢીઓ પછી ઉંમરમાં વધારો ઘટાડો થતો રહે છે.

આજે દુનિયામાં જોઈશું તો એક જ પ્રકારના જીવોમાં જે જીવ ઠંડા પ્રદેશોમાં રહે છે તે પ્રાણીઓનું આયુષ્ય લાંબુ હોય છે અને ગરમ પ્રદેશોમાં રહેવા વાળા એજ પ્રકારના જીવનું આયુષ્ય ટૂંકું હોય છે. આના પાછળ પણ વૈજ્ઞાનિક કારણો છે. કારણકે ગરમ પ્રદેશોમાં રોગ કરવા વાળા સુક્ષ્મ જીવાણુઓનો ઉપદ્રવ વધુ હોય છે અને તેથી પ્રાણીઓ જલ્દી મોતને ભેટે છે અને ઠંડા પ્રદેશોમાં સુક્ષ્મ જીવાણુઓનો ઉપદ્રવ ઓછો હોય છે.

જેમ કે મનુષ્યોમાં પણ જોશો તો જાપાન-ચીન જેવા ઠંડા પ્રદેશોમાં રહેવા વાળા માનવીઓ ગરમ પ્રદેશોમાં રહેવા વાળા માનવીઓ કરતાં લાંબુ જીવન ભોગવે છે. વિષુવૃત ઉપરના દેશોના લોકો જે પછાત છે. આદિવાસી જેવું જીવન જીવે છે તે લોકોનું આયુષ્ય ૩૦થી ૫૦ વર્ષનું હોય છે કારણ કે તે પ્રદેશોમાં મેલેરિયાના જેવા વાયરસની ઉત્પત્તિ ખુબજ પ્રમાણમાં હોય છે અને આથી જ આફ્રિકા જેવા ખંડમાં નવા નવા રોગોની શરૂઆત પહેલા થાય છે. અને જાપાનચીન જેવા ઠંડા પ્રદેશોના દેશોના લોકોનું આયુષ્ય ૯૦ થી ૧૧૦ વર્ષ નોર્મલ હોય છે.

ગરમ પ્રદેશોના લોકોમાં પણ વિકસિત દેશોના લોકોનું આયુષ્ય પછાત દેશોના લોકો કરતાં વધુ હોય છે. આમ કુદરત તમારું આયુષ્ય નક્કી કરવા માટે તમારી રહેણી કરણી, ખોરાક, વાતાવરણ, સમજદારી અને માન્યતાઓ વગેરે બાબતો ઉપર આધાર રાખીને નક્કી કરે છે. આમ ઉક્રાંતિવાદનો નિયમ સર્વત્ર લાગુ પડે છે. તમારી ઉંમર નક્કી કરવામાં ભગવાન પણ માથું મારતા નથી. તે કામ કુદરતને સોપેલું છે.

જે પ્રાણીઓ કુદરતના નિયમોનું સૌથી વધુ પાલન કરે છે તે પ્રાણીઓ તેમનું કુદરતી આયુષ્ય ભોગવે છે. અને જે પ્રાણીઓ કુદરતના નિયમોનું પાલન કરતાં નથી તે કુદરતી આયુષ્ય ભોગવવા ભાગ્ય-શાળી બની શકતા નથી.

ઉક્રાંતિવાદના નિયમો નાના સુક્ષ્મ જીવથી લઈને મોટા જીવ બધા માટે સરખો લાગુ પડે છે.

ઉક્રાંતિવાદના નિયમોથી ભગવાન પણ દુર રહી શકતા નથી. આપને જાણીએ છીએ અને ધર્મોમાં પણ બતાવેલું છે કે જેટલા ભગવાનોએ અવતાર લીધા છે તે બધા ભાગવાનોએ પણ ઉંમર પૂરી થાય ત્યારે તેમનો દેહ છોડવો પડ્યો છે.

એક અજાયબી એ પણ છે કે ભગવાન એમનું અસ્તિત્વ છે તેવો સાબિતી લાખો વર્ષથી બતાવતા આવ્યા છે. જેનો અત્યારના સમયનો જીવંત ઉદાહરણ સદભાગ્યે આપણા ગુજરાતમાં છે.

તમને થશે આ વળી શું નવું લાવ્યા? હા, ભગવાન તેમનું અસ્તિત્વ છે તે સાબિત કરવા એક જીવંત ઉદાહરણ આ દુનિયામાં રાખતા આવે છે. આપનું ગુજરાત આ બાબતે નસીબ વાળું છે. સતયુગના સમયથી ગુજરાતને આના લાભ મળતા આવ્યા છે. કૃષ્ણ ભગવાને પણ તેમની કર્મભૂમિ ગુજરાતની દ્વારકા નગરી કરેલી. મોટાભાગના ભગવાનના અવતારો કહેવાતા પ્રસંગો ગુજરાત સાથે જોડાયેલા છે.

હા અત્યારના સમયે ભગવાને આપના વચ્ચે એવી જીવંત સાબિતી ગુજરાતને ભેટ ધરેલી છે. જે જાણીને અમેરિકાની નાસા સંસ્થા પણ ભગવાનના અસ્તિત્વમાં માનવા લાગી છે.

તમે કદાપી એવું વિચાર્યું છે કે માનવી ખોરાક-પાણી વગર આખી જીન્દગી જીવી શકે. હા એવી માતાજીની આશીર્વાદ પામેલી વ્યક્તિ, રીદ્રોલ ગામ પાસે આવેલા ચરાડા ગામ તા. માણસાના મૂળ વતની પ્રહલાદભાઈ જાની ૧૩ ઓગસ્ટ ૧૯૨૯માં જન્મેલા છે અને ૧૧ વર્ષની ઉંમરથી માતાજીની કૃપાથી તેઓ ખોરાક અને પાણી વગર જીવન જીવી રહ્યા છે અને માતાજીની સેવા-પૂજા કરી રહ્યા છે. આ જીવંત ઉદાહરણ માતાજી અને ભગવાનનું છે. માતાજીએ તેમને અન્ન-પાણી વગર જીવન ની કૃપા આપેલી છે છતાં તેમની ઉંમર યુવાનીથી ઘડપણ તેમના શરીર ઉપર દેખાય છે. આમ કુદરત તેનું કામ કરે છે તેમાં ભગવાન પણ માથું મારતા નથી.

સરોગેસી બાળકની નાગરિકતા તેની જૈવિક માતા જ નક્કી કરી શકે

આસીસ્ટીડ રિપ્રોડક્ટિવ નિયમન ખરડો પસાર થશે

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

સરોગેસી શબ્દની ઉપત્તી લેટીન શબ્દ સરોગેટસથી થઈ છે. તેનો મતલબ એવો થાય છે કે બીજી માતા જે હક્કિતમાં તેની જૈવિક માતા છે જે બાળકને પોતાના ગર્ભમાં ઉછેરે છે અને જન્મ આપે છે. બાળકના જન્મ બાદ માત્ર તે સરોગેટ રહી જાય છે. આધુનિક તબીબ વિજ્ઞાનને ત્રણ પ્રકારની સરોગેટ માતાને માન્યતા આપેલ છે. અર્ધ સરોગેટ, પૂર્ણ સરોગેટ અને એઆઈડી સરોગેટ માતા ત્રણેય પ્રકારની સરોગેસીમાં એક એવી તબીબી પ્રક્રિયા છે જેમાં સરોગેટ માતા બનવા તૈયાર મહિલાના ગર્ભમાં બીજા પુરૂષના તથા માતાના અંશને વિકસીત કરાવી જે સરોગેટ માતાના ગર્ભમાં મુકવામાં આવે છે. સમય પુરો થયા બાદ બાળકને જન્મ આપે છે. સરોગેટ માતાને કુખ ભાડે આપવા માટે વળતર આપવામાં આવે છે અને વળતર ચુકવનાર માતા પિતા બાળકનો કબજો લઈ જાય છે. સરોગેટ માતા ઘણા દેશોમાં પ્રતિબંધ છે. યુરોપ, બ્રિટન અને થાઈલેન્ડે સરોગેસી પર પ્રતિબંધ મુક્યો છે.

શ્રીલંકામાં મોટી સંખ્યામાં બેબી ફાર્મ્સ બનવા લાગ્યા છે જેમાં ૨૦ થી વધારે ગર્ભવતી માતાને રાખવામાં આવે છે અને આ બાળકોને ખાનગી ધોરણે ચલાવાતા બાળગૃહોમાં લઈ જવાય છે ત્યાં ગર્ભવતી માતા પિતા જે બાળકને દત્તક લેવા માંગે છે તેમની સાથે દલાલો સોદાબાજી કરે છે. ભારતમાં સરોગેસી માતાનો પ્રથમ કિસ્સો કલકતાનો છે. ૨૦૦૫ માં છૂટા છેટા લેનાર પુરૂષ પોતાના અંશને એક અન્ય મહિલા દ્વારા દાન કરવામાં આવેલ અંશ સાથે પ્રયોગશાળામાં પોતાનો વંશ તૈયાર કરાવીને બીજી મહિલાના ગર્ભમાં પ્રત્યારોપન કરાવી બાળકને જન્મ આપેલ.



ભારતમાં અલગ અલગ મહિલાઓ દ્વારા સરોગેસી બાળકનો જન્મ કરાવી ત્યારબાદ ભીખ માંગવામાં આવા બાળકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ભારતમાં સર્વોચ્ચ અદાલતની બે સભ્યોની બેન્ચે સને ૨૦૦૮ માં સરોગેસી માતા માટે કોઈ દિશાનિર્દેશ આપેલ નહી પરંતુ બેબી માંગી વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયાના કેસમાં સરોગેસીને માન્યતા આપેલ.

જાપાનના દંપતી ભારતમાં આવી આણંદ ખાતે ૨૦૦૭ માં મહિલા સાથે સરોગેસી કરાર કરી પોતાના અંશને ગ્રાહિત મહિલાના ગર્ભમાં ઉછેરવા માટેના કરારો કર્યા. આ દંપતીના બાળકને સરોગેસી મહિલાએ જન્મ આપ્યો પરંતુ ત્યારબાદ અંશ પ્રસ્થાપિત કરાવનાર દંપતી વચ્ચે મતભેદ થતા બાળકની કસ્ટડી લેવાનો દંપતીએ ઈન્કાર કરી દીધો. નવી દિલ્હી ખાતેના ભારતના જાપાની દુતાવાસે બેબી માઝાને પાસપોર્ટ આપવાનો ઈન્કાર કરેલ કે તે ભારતીય નાગરિક છે તેનો જન્મ ભારતમાં થયો છે ભારતના પાસપોર્ટ સાથે ભારત સરકારનું એનઓસી લેવું પડે લાંબી ન્યાઈક પ્રક્રિયા બાદ માનવીય આધારે જાપાની સરકારે તેનો એક વર્ષનો વિઝા આપેલ અને ભારત સરકારે હાઈકોર્ટના આદેશ પ્રમાણે તેને ભારત છોડવા અંગે નો ઓબ્જેકશન સર્ટીફિકેટ આપેલ.

કેરલ, ગુજરાત અને તામીલનાડુમાં હાઈકોર્ટે સરોગેસીથી જન્મતા બાળકો માટેની નાગરિકતા માટે તેમની જૈવિક માતા નક્કી કરે તે દેશની નાગરિકતાના અધિકારો આપેલ છે પરંતુ ઘણીવખત અંશ પ્રત્યારોપણ કરનાર દંપતી બાળકનો કબજો લેવાનું ઈન્કાર કરે ત્યારબાદ કાનૂની પ્રક્રીયામાં સરોગેસી મહિલાએ વિનાકારણ અટવાવું પડે છે. હજી સુધી આ માટે સર્વસામાન્ય કાયદા પ્રસ્થાપિત કરવામાં આવ્યા નથી.

૨૦૧૨ માં ઓસ્ટેલીયન દંપતીએ ભારતમાં સરોગેસી મહિલા દ્વારા પોતાનો અંશ પ્રત્યારોપણ કરી બે જોડીયા બાળકોને જન્મ કરાવેલ તેમાંથી દંપતી એક બાળકને પોતાની સાથે ઓસ્ટેલીયા લઈ ગયા અને બીજા બાળકને ભારતમાં જ સરોગેસી માતા પાસે છોડી જતા રહ્યા આ બાબતે ઓસ્ટેલીયન કોર્ટે તપાસના આદેશો આપ્યા અને જણાવેલ કે નવજાત બાળક અંગે ઓસ્ટેલીયાની નાગરિકતા અંગે કોઈ જ અરજી મળેલ નથી માટે આવા બાળકની સારસંભાળ અને દત્તક લેવાની જવાબદારી ભારત સરકારની છે.

જે પ્રમાણે ભારતમાં સરોગેસીની પ્રક્રિયા ઉપર સંશોધન થયા છે ત પ્રમાણે ત્યારબાદની સંભવિત પરિણામો અને ઘટના અંગે કાયદામાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. કાનૂની ગુચવાડામાં નવજાત બાળક અને સરોગેસી માતા અટવાયા કરે છે જેમાં સતત સુધારા કરવામાં આવે તથા ઈન્ટરનેશનલ લો સીસ્ટમથી નવા નિયમો બનાવવામાં આવે તો જ સરોગેસી માતા તથા બાળકને નાગરિકતા તથા દત્તક વિધાન જેવી જટીલ સમસ્યાઓનું સમાધાન મળશે નહીતર લાગણીના વાવેતર કરવાની આખી ફેકટરી ઉભી થશે અને સરોગેસીથી જન્મનાર બાળકનું ભવિષ્ય જ ધુંધળુ બની જશે. કાયદા દ્વારા માન્યતામાં જ સરોગેસી બાળક અટવાયા કરશે અને સાચા પ્રેમ, હુંફ અને લાગણીથી વંચિત રહી જશે.

સંત પુરુષ ક્યારેય પોતાની જાતને કેન્દ્રમાં મુકતા નથી, યશનો લાભ પણ અન્યને આપે છે, ત્યારે ઘણાને તો પોતાનું મહત્વ સ્થાપવાનું જ ગમે છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

(આગળનું ચાલું..)

પોતાના વિના આ કાર્ય તો ન જ થઇ શકે તેવું માનનારા મહાપુરુષો ઘણીવાર હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાય તો પણ ચેતતા નથી. જે પ્રવૃત્તિ વ્યવસ્થિત ચાલતી હોય તેમાં પણ કંઇક ડખો ઊભો કરવાનો પોતાનો અધિકાર છે તેમ આ સૌ માને છે. પોતાના વધારે પડતા આત્મવિશ્વાસના કારણે તેઓ કાયમ બગાડે છે. આ સૌ જ્યાં ચપટી મીઠું જોઇએ ત્યાં દોયાં મીઠું નાખે છે. પંડિતાઇનું આ અભિમાન વધારેમાં વધારે નુકશાન કરે છે કારણ કે સામાન્ય માણસો તેવી વ્યક્તિની જ્ઞાની માની તેનું અનુસરણ કરે છે પરિણામ સમાજમાં પતન થાય છે. રાજકારણ, કલા સાહિત્ય, વિજ્ઞાન કે રમત-ગમત કોઇ ક્ષેત્ર એવું નથી જેમાં આવા દોઠડાહ્યા માણસોના ચંચુપાત ન હોય. અખો કહે છે, 'આવા જ્ઞાનીથી ભગવાન બચાવે'

ત્રીજો મહત્ત્વનો દોષ પોતાનું મહત્ત્વ આંકવાનું છે. સંત પુરુષ ક્યારેય પોતાની જાતને કેન્દ્રમાં મુકતા નથી. યશનો લાભ પણ અન્યને આપે છે. ત્યારે ઘણાને તો પોતાનું મહત્વ સ્થાપવાનું જ ગમે છે. સભામાં મોડું આવવું, જ્ઞાતિ, સંગઠનના કામો પર પાંચ વાર બોલાવવા આવે પછી જવું. મોડા આવ્યા પછી પણ આગલી હરોળમાં બેસવાનો આગ્રહ સેવવો. આવા લક્ષણો કેટલાક ધરાવતા હોય છે. શ્રી રામનારાયણ પાઠકે ઘણા વર્ષો પહેલાં નિબંધ લખેલો, 'ગુજરાતી ભાઇઓ - તમારે મોટા થવું છે.' તેમાં ઉપરોક્ત રીતે મોટાઇ માગનારાનો ઉલ્લેખ છે. કેટલાક લોકો એવા માનતા હોય છે કે અમુક કામ અમારા વિના કોઇથી ન જ થાય અમારા એક સગા 'નનામી' બાંધવામાં ભારે કુશળતા ધરાવતા. અને તેઓને બોલાવવા પડતા. કેટલાક લગ્ન પ્રસંગે જરુર ન હોય તોય રસોડામાં જ આંટા મારતા હોય છે. તેમના મતે દાળ-શાકના વઘારમાં તેઓનો મત લેવો જ જોઇએ. તાજેતરમાં આપણે એક રાજકારણી માટે સ્ટેજ પર ખુરશી ન હતી તો સમારંભ છોડી ચાલતા થયા. હું સામાન્ય થોડો છું કે વક્તાની સામે બેસું. મારી જગા તો વક્તા કરતા પણ આગળ હોવી જોઇએ. અમારા ગામમાં એક શેઠને એવી ટેવ હતી કે સભાના પ્રમુખ બનાવો તો જ આવે. બાકી કામ ગમે તેટલું સારું હોય તો શું? હું ને મારું મહત્ત્વ મારા માટે શું. આપણા જ એક નેતાજીનો ફોન ઉપાડતા અધિકારીને સમય લાગ્યો તો પદ છોડવું પડયું. પોતાનું મહત્ત્વ સ્થાપિત કરવામાં અન્યને કે રાષ્ટ્રને કેટલું નુકશાન જાય છે તે જોવા કે સાંભળવા તેઓ પાસે સમય નથી હોતો.

વ્યક્તિગત ક્ષેત્રે આ ત્રણ દોષો પતન નોતરે છે. તો જે સમજમાં આવા લોકો વધારે હોય તે સમાજ પણ પ્રગતિ નથી સાધી શકતો કારણ કાર્ય કરનારને ક્ષણે ક્ષણે ઘોંચપરોણા, સૂચનાઓ તથા સલાહો મળતા રહે છે. પરિણામે કોઇ વ્યક્તિ ઇચ્છિત કાર્ય યોગ્ય સમયમાં પુરું કરી શકે નહીં. વારંવાર બદલાતા નિર્ણયોના કારણે વિલંબ થતો રહે છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ નર્મદાનું સરદાર સરોવર તથા બંધ છે. છેક ૧૯૫૬માં આયોજના વિચારાયી. ત્યાર પછી આજ ૫૦ વર્ષે પણ પુરી નથી થઇ જુદા જુદા લોકોઓ પોતાના સ્વાર્થ સાધવા યોજનામાં આડખીલીઓ ઊભી કરી જો કોઇ પણ સમાજને પ્રગતિ સાધવી હોય તો કમ કે કમ એક નેતાનું માનવું જોઇએ. એક જાણકારને પસંદ કર્યા પછી અણુક કાર્ય બધાને ગમતું જ થાય તેવું ન પણ બને પરંતુ જો દરેક વ્યક્તિ પોતાને ગમે તે પ્રમાણે જ કાર્ય થાય તેવો આગ્રહ સેવે તો કામ જ ન થાય. એ પ્રમાણે જે યોગ્યતા પ્રમાણે જો મહત્ત્વ અપાય તો સંતોષ માનવો જોઇએ ને પોતાનું મહત્ત્વ ઘટે છે તેમ માની સારા કામને પણ અટકાવવું ન જોઇએ. ખાસ તો એક સબળ વ્યક્તિના માર્ગદર્શન તળે આગળ વધાય. ઇ.સ. ૧૯૨૦ થી ૧૯૪૫ સુધી રાષ્ટ્ર એક મતે બાપુને અનુસર્યું તો ફળ મળ્યું જો આ ફળને નિરાંતે ભોગવવું હોય તો પણ કોઇ એક સભળને પૂર્ણ રીતે અનુસરવી પડે.

(પૂર્ણ...)